# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10/09/2026** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રના આજના બીજા દિવસે ગુજરાત પશુધન આહાર સહિતના ચાર વિધેયક રજૂ થશે.**
2. **રાજ્યમાં આજથી મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી માટે નોંધણીનો પ્રારંભ થશે.**
3. **ગાંધીનગરમાં કુડાસણમાં એક બાંધકામ સાઇટ પર સ્લેબ ધરાશાયી થવાની દુર્ઘટનામાં ઇજાગ્રસ્ત 12 કામદારો સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ.**
4. **નિયમોનું ઉલ્લંઘન ન થાય અને ઝડપને નિયંત્રિત રાખવાની જાગૃતિ માટે દમણમાં વૈભવી કારના માલિકોની જાગૃતી માટે સંકલ્પ યાત્રા યોજાઇ.**
5. **અમદાવાદ ખાતે વિશ્વ તિરંદાજી પેરા સિરીઝમાં 15 ચંદ્રક મેળવીને ભારતનું અભિયાન પૂર્ણ.**

------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# VIDHANSABHA

ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રના બીજા દિવસની કાર્યવાહીનો આરંભ તારાંકિત પ્રશ્નોતરી સાથે થશે. જેમાં આદિજાતિ વિકાસ અને ગ્રામોધ્યોગ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ સહિતના વિભાગોના પ્રશ્નોનો સમાવેશ થાય છે. નિયમ 44 હેઠળ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ જાહેર અગત્યની બાબત પર નિવેદન રજૂ કરશે.આજે વિધાનસભામાં ગુજરાત પશુધન આહાર અંગેનું વિધેયક, ગુજરાત માલ અને સેવા વેરા સુધારા વિધેયક 2026, ગુજરાત જમીન મહેસૂલ સુધારા વિધેયક અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સુધારા વિધેયક રજૂ કરાશે. ત્યારબાદ આ વિધેયકો પર ચર્ચા અને તેને પસાર કરાશે.

# CM GADNHIDHAM

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીધામ મહાનગરપાલિકાના કુલ **286** કરોડ રૂપિયાના વિવિધ વિકાસકાર્યોનું વર્ચ્યુઅલ માધ્યમથી ખાતમુહૂર્ત કર્યું.

ગઇકાલે ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવેલ વિકાસકાર્યોના ખાતમુહૂર્ત પ્રસંગે મુખ્યમંત્રીએ કહ્યું કે ગાંધીધામ કચ્છ જિલ્લાનું ઇકોનોમિક કેપિટલ અને મહત્વનું ઔદ્યોગિક કેન્દ્ર છે. મહાનગરપાલિકા બન્યા બાદ ગાંધીધામના વિકાસને ડબલ ગતિ મળી હોવાનું મુખ્યમંત્રીએ જણાવ્યું હતું.

(બાઇટ- ભૂપેન્દ્ર પટેલ , મુખ્યમંત્રી)

(શહેરો સ્વચ્છ, સુંદર અને હરિયાળા બની રહ્યા છે. સરકાર તેની જવાબદારીના ભાગરૂપે ઉત્તમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવી રહી છે. અર્બન ફોરેસ્ટ, નમો વડ વનથી ગ્રીન કવર પણ વધારી રહી છે. ગાંધીધામના સૌ લોકો સંકલ્પ લે કે 'હું ગાંધીધામને ગંદુ નહીં થવા દઉં'. ગાંધીધામ શહેર વિકાસ સાથે સ્વચ્છતામાં પણ અગ્રેસર જ રહેશે એવો મને વિશ્વાસ છે.)

# CABINET MEETING

**રાજ્યમાં આજથી મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી માટે નોંધણીનો પ્રારંભ થશે. ગઇકાલે યોજાયેલી કેબિનેટની બેઠક બાદ પત્રકારોને સંબોધતા પ્રવકતા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યુ કે ખેડૂતો ૯ ઓક્ટોબર, સુધી ઈ-ગ્રામ કેન્દ્રો ખાતે વિનામૂલ્યે નોંધણી કરાવી શકશે.**

**(બાઈટ – JITU VAGHANI ખરીદી)**

(ચાલુ સીઝનમાં મગફળી, મગ, અડદ અને સોયાબીન એ ટેકાના ભાવથી ખરીદવાનું આયોજન રાજ્ય સરકારે નક્કી કર્યું છે. ૧૦/૯/૨૬ થી ૯/૧૦/૨૬ એટલે કે ૩૦ દિવસ સુધી ખેડૂતો ગ્રામ્ય કક્ષાએ ઇ-ગ્રામ કેન્દ્રો ખાતે ફાર્મર્સ રજિસ્ટ્રેશન આધાર ઓથેન્ટિફિકેશન દ્વારા નોંધણી કરવામાં આવશે. શરદો નોંધણી એ વીસીઈ અને વીએલઈ મારફતે વિનામૂલ્યે કરવામાં આવનાર છે.)

**વર્ષ 2026 - 27 માટે મહફળી માટે પ્રતિ ક્વિન્ટલ 7 હજાર 517 , મગ માટે 8 હજાર 780 અને અડદ માટે 8 હજાર 200 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ જાહેર કરાયો છે. કેબીનેટની બેઠકમાં વરસાદની વર્તમાન સ્થિતિ અંગે પણ ચર્ચા કરવામાં આવી. શ્રી વાઘાણીએ જણાવ્યુ કે, નર્મદા ડેમમાં ઉપલબ્ધ પાણીનો નિયમ મુજબ ઉપયોગ શરૂ કરાયો છે.ઉપરાંત કલેક્ટરોને ઘાસચારો ખરીદવાની છૂટ આપવામાં આવી છે.**

**(બાઈટ – JITU VAGHANI વરસાદ)**

(અને હાલમાં સ્થિતિ છે એ સ્થિતિમાં તાત્કાલિક પશુનો ઘાસચારો એ આજથી નહીં એક મહિનાથી કલેક્ટરોને એ આપવાની છૂટ આપી, ઘાસ ખરીદવાની છૂટ આપી, પીવાનું પાણી અને સિંચાઈનું પાણી. નર્મદા ડેમમાં જે પાણી છે એમાં અવેલેબલ જેટલું છે એ પાણી આપવાની પણ શરૂઆત એ રાજ્યની સરકારે કરી દીધી છે.)

**આ ઉપરાંત કેબિનેટની બેઠકમાં મત્સ્ય ઉદ્યોગ અને માછીમારોના સર્વાંગી વિકાસ માટે 297 કરોડથી વધુના વિકાસકામોને સૈદ્ધાંતિક મંજૂરી અપાઈ. જેમાં ગીર સોમનાથ, પોરબંદર અને વલસાડ જિલ્લામાં વિકાસકાર્યોનો સમાવેશ થાય**

છે. તો આગામી વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટને લઈને પણ કેબિનેટમાં ચર્ચા કરવામાં આવી હતી.

# GANDHINGAR KUDASAN SLAB COLLEPSED

ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં નિર્માણાધીન કોમર્શિયલ બિલ્ડિંગમાં સ્લેબ ધરાશાયી થયો હતો. મોડી સાંજે સર્જાયેલી આ દુર્ઘટનામાં પંદર શ્રમિકો કાટમાળ હેઠળ ફસાયા જેમાંથી 12 શ્રમિકો ઈજાગ્રસ્ત થયા હતા જ્યારે અન્ય ત્રણને કોઇ ઇજાઓ થઇ ન હતી.ઘટનાની જાણ થતાં જ વહીવટીતંત્ર, પોલીસ, ફાયર બ્રિગેડ અને આપત્તિ વ્યવસ્થાપનની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને યુદ્ધના ધોરણે રાહત અને બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. કાટમાળ નીચે ફસાયેલા તમામ શ્રમિકોને સુરક્ષિત બહાર કાઢી ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. રાહતની વાત એ છે કે દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

દુર્ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા.

**(બાઇટ- હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી)**

*(તાત્કાલિક એક્શનના કારણે ૧૫ લોકોને રેસ્ક્યુ કરવામાં સફળતા પ્રાપ્ત થઈ હતી. હાલ ૧૫ માંથી ૧૨ લોકો ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે એડમિટ કરવામાં આવ્યા છે. ત્રણ લોકોને કોઈ ઈજા ના હોવાના કારણે તે લોકોને ડિસ્ચાર્જ કરેલા છે.)*

સારવાર માટે ખસેડાયેલા તમામ શ્રમિકોની સ્થિતીની જાણકારી મેળવવા સંઘવી, આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયા, ગાંધીનગરના ધારાસભ્યો અલ્પેશ ઠાકોર, રીટા પટેલે પણ સિવિલ હોસ્પિટલની મુલાકાત લઇને ઇજાગ્રસ્તોની સ્થિતીની જાણકારી મેળવી હતી. આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાએ સિવિલ હોસ્પિટલના અધિકારીઓને ઈજાગ્રસ્તોને શ્રેષ્ઠ સારવાર આપવા જરૂરી સૂચનાઓ આપી હતી.

આ સમગ્ર ઘટનાના કારણોની તપાસ શરૂ કરવામાં આવી છે. સલામતીના નિયમોનું યોગ્ય રીતે પાલન થયું હતું કે નહીં, તેમજ બાંધકામની ગુણવત્તા, સેન્ટરિંગ અથવા અન્ય કોઈ ટેકનિકલ ક્ષતિ જવાબદાર છે કે કેમ તેની તપાસ કરવામાં આવશે.તપાસના આધારે જવાબદારી નક્કી કરીને નિયમ મુજબ જરૂરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

ગોન્ગ મ્યુઝિક

# PRESIDENT – STATE VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ **21** સપ્ટેમ્બરથી રાજ્યની ત્રણ દિવસની મુલાકાતે આવશે. રાષ્ટ્રપતિ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે યોજાનાર 72માં રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ સમારોહમાં પુરસ્કારો એનાયત કરશે.આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વિશેષ ઉપસ્થિત રહેશે. પ્રથમવાર રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડનું આયોજન દિલ્હી બહાર કરવામાં આવ્યું છે. ગઇકાલે યોજાયેલી કેબિનેટ બેઠક દરમિયાન મુખ્યમંત્રીને આ સમારોહના આયોજનો અને તૈયારીઓ અંગે વિગતવાર માહિતગાર કરવામાં આવ્યા હતા.

# DAMAN THAR FORTUNER DRIVE

સંઘ પ્રદેશ દમણના પ્રશાસન અને આરટીઓ દ્વારા એક વિશેષ અભિયાનના ભાગરૂપે થાર અને **FORTUNER** સંકલ્પ યાત્રા યોજાઈ હતી. પ્રદેશમાં થાર અને **FORTUNER** જેવી લક્ઝુરિયસ ગાડીના ચાલકોને ઝડપ કાબુમાં રાખવા અને નિયમોનું ઉલ્લંઘન ન કરવા સૂચના અને ચેતવણી આપવા માટે યોજાયેલી આ રેલીમાં મોટી સંખ્યામાં પ્રદેશના થાર અને **FORTUNER** ગાડીના માલિકો જોડાયા હતા. ટ્રાફિકના નિયમોનું પાલન નહી કરવામાં આવે તો લ તેમના વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની પણ ચેતવણી આપવામાં આવી હોવાનું આ અંગે નાયબ કલેકટર પ્રિયાંશુ સિંહે વધુ માહિતી આપી.

(બાઈટ: પ્રિયાંશુ સિંહ (ડેપ્યુટી કલેક્ટર)

**(दमन के अंदर जितने भी रजिस्टर्ड थार ओनर्स और फॉर्च्यूनर ओनर्स हैं, उन सबको बुलाकर यह थार फॉर्च्यूनर संकल्प यात्रा का आयोजन किया गया। इस यात्रा का जो मुख्य उद्देश्य है, वह यह है कि लोग जो हैं वह रिस्पॉन्सिबल तरीके से ड्राइव करें, खुद भी सेफ रहें, दूसरों को भी के बचाव के लिए जो उचित स्टेप है, वह लें।)**

# ARVALLI RETD. DY COLLECTOR CHEATED

અરવલ્લી જિલ્લામાં નિવૃત્ત નાયબ કલેક્ટર સાથે સાયબર છેતરપિંડી થઇ છે. મેઘરજ તાલુકાના પાદરમહુડી ગામના 67 વર્ષીય નિવૃત્ત નાયબ કલેક્ટરે **WhatsApp** પર **APK** ફાઇલ મોકલી સાયબર ફ્રોડ થયો છે.ફરિયાદ મુજબ, નિવૃત્ત નાયબ કલેક્ટરે **APK** ફાઇલ ઓપન કર્યા બાદ તેમનો મોબાઇલ હેક થઈ ગયો હતો. ત્યારબાદ **SBI** અને **Bank of Baroda**ના તેમના બે અલગ-અલગ બેંક ખાતામાંથી કુલ 55 હજાર 998 રૂપિયાની રકમ ટ્રાન્સફર થઈ ગઈ હતી. ઘટનાને પગલે સાયબર ક્રાઇમ હેલ્પલાઇન 1930 પર ફરિયાદ નોંધાવવામાં આવી છે. સમગ્ર મામલે ટીંટોઈ પોલીસે **BNS** તથા **IT Act**ની વિવિધ કલમ હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

# AMDAVAD BHIKSHAVRUTTI DRIVE

અમદાવાદ મનપા, પોલીસ અને સમાજ સુરક્ષા વિભાગની સંયુક્ત કાર્યવાહીમાં શહેરના વિવિધ માર્ગો પરથી 72 બાળકો સહિત ભિક્ષાવૃત્તિ કરતાં 89 લોકોનું રેસક્યું કરાયું. જેમાં 62 બાળકોના વાલીઓને સોંપી તેમને ભિક્ષાવૃતિ બંધ કરાવવા ચેતવણી આપવામાં આવી. જ્યારે 10 બાળકોને બાળ સરક્ષણ ગૃહમાં મોકલાયા હતા. 17 પુરૂષોને ભિક્ષુક ગૃહમાં ખસેડવામાં આવ્યા હતા.

# WORLD PARA ARCHERY

ભારતે વિશ્વ તીરંદાજી પેરા સીરિઝમાં 4 સુવર્ણ 3 રજત અને 8 કાંસ્ય ચંદ્રક સહિત 15 ચંદ્રક જીતીને પોતાનું અભિયાન પૂર્ણ કર્યું. વર્તમાન પેરાલિમ્પિક્સ ચેમ્પિયન હરવિંદર સિંહ અને વિશ્વ નંબર 1 શીતલ દેવીએ ભારતની આગેવાની હેઠળ અમદાવાદમાં વિશ્વ તીરંદાજી પેરા સિરીઝ સ્ટેજ 3 અભિયાનનો શાનદાર અંત કર્યો, તેઓએ ગઈકાલે અંતિમ દિવસે બે સુવર્ણ અને ચાર કાંસ્ય ચંદ્રક જીત્યા. શીતલ દેવીએ નાટકીય શૂટ-ઓફમાં પોતાની હિંમત જાળવી રાખીને પેરા કમ્પાઉન્ડ મહિલા વ્યક્તિગત સુવર્ણ ચંદ્રક જીત્યો, જ્યારે ડબલ પેરાલિમ્પિક્સ ચંદ્રક વિજેતા હરવિંદરે ભાવના સાથે મળીને પેરા રિકર્વ મિક્સ્ડ ટીમ ઇવેન્ટમાં સુવર્ણ ચંદ્રક જીત્યો.

રિકર્વ મિક્સ્ડ ટીમ ફાઇનલમાં, ડબલ પેરાલિમ્પિક્સ ચંદ્રક વિજેતા હરવિંદર અને ભાવનાએ ચીનની લિયાંગ કિયુરોંગ અને ઝિયા લેઈને સીધા સેટમાં 6-0થી હરાવી. ત્યારબાદ ભાવનાએ ઓલ-ઇન્ડિયન પેરા રિકર્વ મહિલા કાંસ્ય ચંદ્રક પ્લે-ઓફમાં વધુ એક કાંસ્ય ચંદ્રક ઉમેર્યો.

# WEATHER

રાજ્યમાં આગામી 12 થી 14 સપ્ટેમ્બર દરમિયાન  વરસાદની આગાહી કરવામાં આવી છે. અત્યારે ત્રણ સિસ્ટમ સક્રિય થઈ છે. મોંનસુન ટ્રફ, સાકલોનીક સર્ક્યુલેશન અને કાલે લો પ્રેશર સક્રિય થશે. 12 સપ્ટેમ્બરના દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. 13 સપ્ટેમ્બરના ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. 14 સપ્ટેમ્બરના સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં સામાન્ય કરતા 19 ટકા ઓછો વરસાદ નોંધાયો છે. છેલ્લા 24 કલાકમાં રાજ્યના 20 તાલુકામાં વરસાદ વરસ્યો છે.